# શ્રી તુલજામાતાજી સ્તુતિ

હું ઝંખ્યા કરતો તને નીરખવા તારાં દીધાં ચક્ષુથી
તું સંતાઇ કયા અગાધ વનમાં કહેને જરી હેતથીઃ
તારો સ્પર્શ શરીરને કર જરા શાતા વળે ત્રાસથી
તારું પુષ્પ ગણી સ્વીકાર કરને આ પૃથ્વીના પંકથી
જયારે યાદ કરું તને શ્રી તુલજા સાકાર થઈ આવજે
થાકયા છે પગ તો ય ચાહું તુજને શકિત બની આવજે
બ્રહ્મા ઈન્દ્ર વરૂણના લહી શકયા શબ્દો અને સાધને
તારો બાળ અબોધ ભૂલ કરૂતો માતા બની આવજે.

તારૂં મંગલ રૂપ મા ભગવતી હું નિત્ય આરાધતો
તારાં મંગલ પાદ પદ્મ યુગલો હૈયા વિશે સેવતો
ડગલે ને પગલે જીવું તુજ મહીં તારી કૃપા ઝંખતો
તારાથી ન કદિય દૂર રહું મા હું એટલું પ્રાર્થતો.
મહિષાસુર હણી અને સુરગણો સૌનું કર્યુ રક્ષણ
બ્રહ્માણી થઈને સહુ જગતનું તેં મા કર્યુ પોષણ
તારા ભવ્ય પરાક્રમે સુરગણો સહુયે પ્રભાવીત થઈ
તારી દિવ્ય સ્તુતિ કરે શ્રી તુલજા શબ્દો ત્યજી મૌનથી

પાપી સાવ ઘમંડી ને કુકર્મે રહેતો સદા લીન જે
આસુરી મનવૃત્તિથી સભર જે ચકચુર સુરા મહી
તેવો પણ પસ્તાઈને શરણ જો તારું ગ્રહે માવડી
દોષો માફ કરી બધા જીવનના ખોળે લીયે હેતથી!
હું છું સાવ અબુધ મા ભગવતી બુદ્ધિ બની આવજો
શંકાથી પર ના થયો હજી શ્રદ્ધા બની આવજો
જાણું તોય જીવ્યે ગયો સતત મા પાપોભરી જીંદગી
આવો હું નિર્લજજમા શ્રી તુલજા લજ્જા બની આવજો.

જન્મ્યો આ ધરતી પરે શ્રી તુલજા મેં શ્વાસ પહેલો લીધો
ના વાચા સુધ કાંઈ તો ય પણ મા તારા દૂધે હું જીવ્યો
ફાવે તેમ ફર્યો બધે જગતમાં ભૂલી તને ગર્વમાં
થાકયો ને આધાર કોઈ ન રહ્યો તેં મા લીધો સોડમાં.
જે કંઈ જ્ઞાન ભર્યું બધે જગતમાં તારાં જ રૂપો બધાં
નારી માત્ર હરે ફરે જગતમાં તારા જ રૂપો બધાં
તું આ વિશ્વ સમસ્તનો શ્રી તુલજા આધાર છે એકલો
મીંડા શું બ્રભાંડને જગત છે! તું એકલી એકડો!

તેં આપ્યું ઘરને ખૂણે શ્રી તુલજા જાણી ન કોઈ શક્યું
તેં સંભાળ લીધી સદાય દુઃખમાં જ્યારે ન પાસે કશું
તારી મેં સ્તુતિ દાન કે જપ કર્યા જાહેરમાં તે કાર્યા
ના તે ગુપ્ત કરી શક્યો શરમ છે. સન્માન કેં મેળવ્યાં
યજ્ઞો દાન જપો કર્યા તપ કર્યા તારી મળી ભાળ ના
શબ્દો ને પથ હું ઘણું ભમી વળ્યો એ સૌ ઠરી વંચના
મંદિરો ગિરિ કંદરા મઠ ફર્યો દિશા મળી તારી ના
સ્હેજે આવી મળી તું મા શ્રી તુલજા જેવી કરી પ્રાર્થના

સંબંધો સઘળાય સ્વાર્થમય છે ભોગો ભર્યા દેહના
દિશાહિન સદા હું મા ભટકતો કર્તવ્યનું ભાન ના
હેતુહીન કમાઈને ખરચતો સદ્વ્યય તણું જ્ઞાન ના
આવા આ પશુ જીવનો કર ગ્રહો છે રાજુની પ્રાર્થાના.